**GJLV020035062022**

રજુ તા.:–૦૪/૧૦/૨૦૨૨
દા.તા.:–૦૪/૧૦/૨૦૨૨
ફેંસલ તા.:–૧૨/૧૧/૨૦૨૨
અવધી.:–વર્ષ– માસ– દીવસો–

**મહીસાગર જિલ્લાના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**જી. મહીસાગર મુકામ : લુણાવાડા.**

ક્રિમીનલ કેસ.નં.૨૯૮૫/૨૦૨૨
આંક:–

**ફરીયાદી** : સરકાર

**વિરુધ્ધ**

**આરોપી** : મહેશભાઈ શનાભાઈ પગી,
રહે.ચાટકી, તા.લુણાવાડા, જી.મહીસાગર

**ગુનો :– ઈ.પી.કો. કલમ ૨૭૯ મુજબ.**

**ઠ રા વ**

૧. આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા.૨૫/૧૧/૨૦૨૧ ના કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે મોજે લુણાવાડા પુજા હોસ્પિટલ સામે જાહેર રોડ ઉપર મોડાસાથી લુણાવાડા તરફ રોગ સાઈડમા એક હોન્ડા કંપનીની એકટીવા સ્કુટી પુરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડમા હંકારી લઈ આવી પકડાઈ જઈ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામના આરોપીએ કોર્ટ સમક્ષ હાજર થતા તેમને પોલીસ તપાસના કાગળોની નકલો આપતાં તેણે ગુનાનો સ્વેચ્છાએ એકરાર કરી ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જણાવી સ્વૈચ્છીક કબુલાત પુરસીસ આંક–૦૩ થી રજુ કરેલ છે.

ત્યારબાદ આરોપીની આંક–૦૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા તેણે ગુનો કબુલ કરી કોર્ટ રૂબરૂ દયાની માંગણી કરેલ છે.

૩. આરોપીએ રજુ કરેલ સ્વૈચ્છીક કબુલાત પુરસીસમાં જણાવેલ હકીકતોને ધ્યાને લેતાં તેના જણાવ્યા અનુસાર તેનો આ પ્રથમ ગુનો છે. આરોપીએ કરેલ ગુનો તે અંગેની સજાની જોગવાઈઓ તથા આરોપીની સામાજીક અને કૌટુબીક જવાબદારી તેની ઉંમર વિગેરે ધ્યાને લેતાં આરોપીને સુધરવાની તક આપવી યોગ્ય અને વ્યાજબી જણાતુ હોય આરોપીને ગુના સબબ થોડી હળવી સજા કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ ૨૭૯ ના ગુનામા તકશીરવાર ઠરાવી, ઈ.પી.કોડની કલમ ૨૭૯ ના ગુનાના કામે આરોપીને રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–૦૫ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેછે.

સદર હુકમ આજરોજ તા: ૧૨મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૨ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

લુણાવાડા.
તા.૧૨/૧૧/૨૦૨૨

(વિજયકુમાર મુળજીભાઈ વણકર)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
મહીસાગર, મુ.લુણાવાડા.
જજ કોડ નં.જીજે૦૧૧૬૧

//સ્ટેનોગ્રાફર–ડી.એન.પંડયા//